# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# YOGA DAY

11 માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આવતીકાલે વડનગરમાં કરાશે. વડનગર ના 11 સ્થળો પર કુલ 11 હજાર લોકો યોગમાં જોડાશે. યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં 311 જેટલી જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાશે જેમાં 10 હજાર જેટલા લોકો ભાગ લેશે.

સ્વથ્ય ગુજરાત મેદસ્વીતા મુક્ત ગુજરાત વિષય વસ્તુ સાથે યોજાનાર યોગ દિવસની ઉજવણીનો ગ્રીનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવા પણ તેમણે કહ્યું હતું. આ અંગે વધુમાં માહિતી આપતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

( બાઇટ – શીશપાલ, યોગ બોર્ડના ચેરમેન)

આવતીકાલે અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પ્રહલાદ નગર ગાર્ડન ખાતે યોગ દિનની ઉજવણીમાં ભાગ લેશે જ્યારે મુખ્યમંત્રી સહિતના તમામ મંત્રીઓ અલગ અલગ જિલ્લામાં યોગના કાર્યકમમાં ઉપસ્થિત રહેશે.

રાજકોટમાં યોગ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાની અધ્યક્ષતામાં યોજાશે. રાજકોટ શહેરમાં વિમલનગર મેઈન રોડ પર પ્રેમમંદિર પાછળ આવેલા મલ્ટીપર્પઝ સ્પોર્ટ્સ સંકુલ ખાતે સવારે ૬ થી ૮ વાગ્યા સુધી યોજાનાર આ કાર્યક્રમમાં શહેરીજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

અરવલ્લી જિલ્લામાં પોલિસ હેડક્વાર્ટર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે..

પંચમહાલ જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે થનારી વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં નાગરિકોને જોડાવવા વહીવટીતંત્રએ અપીલ કરી હતી.

દરમિયાન બોટાદ જિલ્લા પોલીસ દ્વારા યોગ પ્રત્યે જાગૃતિ માટે બેન્ડ સાથે શહેરના મુખ્ય માર્ગ પર રેલી યોજવામાં આવી હતી. જેમાં બોટાદ જિલ્લા પોલીસ વડા, ડી.વાય.એસ.પી., પી.આઈ, સહિત મોટી સંખ્યામાં મહિલા પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

. . . . . . . . . . .

# AHMEDABAD PLANE CRASH DNA

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી ૨૨૩ મૃતકોનાં ડીએનએ નમૂના મેચ થયા છે. મૃતકોનાં ૨૨૦ સગાનો સંપર્ક કરવામાં આવ્યો છે, જેમાંથી ૨૦૨ પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ સોંપાવામાં આવ્યા છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા બે વ્યક્તિનું નિધન થતા તેમના મૃતદેહ પણ પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ સાથે કુલ ૨૦૪ મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતેથી સોંપવામાં આવ્યા છે.

ડો.રાકેશ જોશીએ વધુમાં જણાવ્યું કે, જે ૨૨૩ મૃતકોના DNA મેચ થયા છે તેમાંથી ૧૬૮ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૩૬ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૧ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

## RATHYATRA INSPECTION

આગામી 27 જુનના રોજ ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા પૂર્વે આજે અમદાવાદ શહેરના મેયર પ્રતિભા જૈન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી સહિતના ભાજપના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા રૂટ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રૂટ ઉપર ભયજનક મકાનોને પણ અત્યારે તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવી રહ્યા છે.

મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે રથયાત્રા પૂર્વેની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ અંગે તેમણે વધુ માહિતી આપીઃ

**(BYTE - PRATIBHA JAIN, MAYOR )**

. . . . . . . . . .

## RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 13 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ 20 ટકા વરસાદ સૌરાષ્ટ્રમાં વરસ્યો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ તેની કુલ સંગ્રહક્ષમતાનો 51 ટકા ભરાઈ ચૂક્યો છે.

જો કે આજે સવારથી વરસાદનું જોર ઘટ્યું છે. આજે પાંચ તાલુકામાં નહિંવત વરસાદ નોંધાયો છે. ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને માછીમારોને 23 જૂન સુધી દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે.

આજે  સવારે પૂરા થયેલા 24 કલાકમાં ડાંગ આહવા તાલુકામાં સૌથી વધુ 10 ઇંચ વરસાદ નોંધાયો છે. જિલ્લાની પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગીરા નદી બે કાંઠે વહી રહી છે.

ભરૂચના હાંસોટથી કંટીયાળજાળને જોડતો માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. દાંતરાઈ અને બાડોદરા ગામ વચ્ચે વનખાડીના પાણી માર્ગ પર ફરી વળતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉપરવાસમાં પડેલા વરસાદથી ઉકાઈ ડેમમાં નવા નીર આવ્યા છે. ડેમમાં 11 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. હાલ ઉકાઈ ડેમની સપાટી..314.96 ફુટ છે અને ભયજનક સપાટી 345 ફૂટ છે.

. . . . . . . . . . .